


પ્રજાને થતાં અન્યાયો અને ફરિયાદોને વાચા આપતું એકમાત્ર સાપ્તાહિક

now on Internet www.janfariyadnews.com

અબ તો એક ही આગ ''जन फरियाद''

R.N.I. No. Guj,Guj/1999/00057
Po. Reg. No. GAMC/1185

જન ફરિયાદ

સાપ્તાહિક

તંત્રીઃ પ્રદિપ રાવલ

સહતંત્રી :મીનાક્ષી રાવલ

R.N.I. No. Guj,Guj/1999/00057
Po. Reg. No. G-GNR-286
S.S.P.O.'S Gandhinagar
Velid Up to : 31 Dec., 2014
Rs.2-00, Annual : Rs.100-00

Gandhinagar Office : Block No. 677/2, "GH" Type, Sector-8, Gandhinagar

■ વર્ષ - 30 ■ અંક - 40 ■ તા. 11-10-2026 ■ રવિવાર ■ પાના - 2 ■ કિંમત રૂા. 2/- ■ વાર્ષિક લવાજમ : 100 રૂા. ■ મુખ્ય કાર્યાલય : બ્લોક નં. 677/2, 'ઘ' ટાઈપ, સેક્ટર-8, ગાંધીનગર (મો.) 98246 53073 (નિ.) 23238022 ■Email : prdpraval@yahoo.co.uk

ભારતને ટેરિફની ધમકી આપનાર ટ્રમ્પ હવે પોતે જ પુતિન પાસેથી ડીઝલ ખરીદશે

નવી દિલ્હી, તા.૧૦

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને રશિયન પ્રમુખ વ્લાદિમીર પુતિન વચ્ચે થયેલી ટેલિફોનિક વાતચીત બાદ એક મોટો નિર્ણય લેવામાં આવ્યો છે. ટ્રમ્પે જણાવ્યું છે કે, 'રશિયા અમેરિકા અને વૈશ્વિક બજાર (ગ્લોબલ માર્કેટ)ને તાત્કાલિક ૩ લાખ મેટ્રિક ટનથી વધુ ડીઝલનો પુરવઠો પૂરો પાડવા માટે સંમત થઈ ગયું છે.' 'ટ્રુથ સોશિયલ' પર પોસ્ટ કરતા ટ્રમ્પે માહિતી આપી હતી કે મોસ્કો નવેમ્બરમાં વધુ ૫ લાખ મેટ્રિક ટન અને ત્યારબાદ ૧ મિલિયન મેટ્રિક ટન ડીઝલ આપશે. આગામી ૩ નવેમ્બરે યોજાનાર મિડટર્મ ચૂંટણી પહેલા બળતણ (ફ્યુઅલ)ના વધતા ભાવને કાબૂમાં લેવા માટે ટ્રમ્પ પ્રશાસન આ પ્રયાસ કરી રહ્યું છે.રશિયા સાથેના આ ડીઝલ કરારની યુક્રેનના પ્રમુખ વોલોડીમિર ઝેલેન્સ્કીએ આલોચના કરી છે.

સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'ઠ' પર પ્રતિક્રિયા આપતા તેમણે કહ્યું કે, 'પુતિનને આ પ્રકારની ભેટ આપવાથી દુનિયાને કોઈ શાંતિ કે ફાયદો નહીં થાય. ઝેલેન્સ્કીના મતે, પેટ્રોલિયમ પ્રોડક્ટ વેચવાની પરવાનગી આપવાથી રશિયાને યુદ્ધ ચાલુ રાખવા માટે વધારાનું ભંડોળ (ફંડ) અને સંસાધનો મળી રહેશે, જેનાથી યુદ્ધ લાંબું ખેંચાશે.'આ સમજૂતી એવા સમયે જાહેર કરવામાં આવી છે જ્યારે યુક્રેનનું એક પ્રતિનિધિ મંડળ (ડેલિગેશન) રશિયા સાથેના સંઘર્ષને ઉકેલવા માટે અમેરિકાની મુલાકાતે હતું. ઝેલેન્સ્કીએ આ પગલાને મજબૂત ભાગીદારો દ્વારા લેવાયેલો એક નબળો નિર્ણય ગણાવ્યો છે. તેમણે અસંતોષ વ્યક્ત કરતા કહ્યું કે, 'મને લાગે છે કે મારી ટીમનો ઉપયોગ માત્ર એક મોહરા તરીકે કરવામાં આવી રહ્યો છે, જે યોગ્ય નથી અને ભાગીદારોએ એકબીજા સાથે આવું વર્તન ન કરવું જોઈએ.'

વડાપ્રધાન મોદીએ યુનિવર્સિટીઓને કરી અપીલ

આંગણવાડી કેન્દ્રો દત્તક લો, વિદ્યાર્થીઓ પાસે કરાવો સામાજિક અસરનો અભ્યાસ

કિશોરીઓના સ્વાસ્થ્ય, પોષણ અને સર્વાંગી વિકાસ પર વધુ ધ્યાન આપવાની જરૂરિયાત પર તેમણે ભાર મૂક્યો



નવી દિલ્હી, તા.૧૦

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શુક્રવારે યુનિવર્સિટીઓ અને શૈક્ષણિક સંસ્થાઓને નજીકનાં આંગણવાડી કેન્દ્રો દત્તક લેવા અને સેવાઓની ગુણવત્તા સુધારવા માટે સામાજિક અસરના અભ્યાસ હાથ ધરવા અપીલ કરી હતી. વડાપ્રધાને આંગણવાડી કેન્દ્રો અને સામાજિક પહેલ સાથે મેડિકલના વિદ્યાર્થીઓ, રાષ્ટ્રીય સેવા યોજના (NSS)ના સ્વયંસેવકો તથા નેશનલ કેડેટ કોર્પ્સ (NCC)ના સ્વયંસેવકોને જોડવાનું પણ સૂચવ્યું હતું. આ ઉપરાંત, કિશોરીઓના સ્વાસ્થ્ય, પોષણ અને સર્વાંગી વિકાસ પર વધુ ધ્યાન આપવાની જરૂરિયાત પર પણ તેમણે ભાર મૂક્યો હતો.

વડાપ્રધાન મોદીએ બે દિવસીય સંમેલનના સમાપન સત્રની અધ્યક્ષતા કરી હતી. વડાપ્રધાન કાર્યાલય (PMO) દ્વારા જાહેર કરવામાં આવેલી પ્રેસ રિલીઝ અનુસાર, આ સંમેલનમાં વિવિધ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના મંત્રીઓ તથા વરિષ્ઠ અધિકારીઓએ પણ ભાગ લીધો હતો. તેમાં પોષણ અને પ્રારંભિક બાળ સંભાળ, બાળ સુરક્ષા, મહિલાઓની સલામતી અને સશક્તિકરણ તથા વિવિધ વિભાગો વચ્ચે વધુ સારા સંકલન દ્વારા સેવાઓની ગુણવત્તા સુધારવા જેવા મુદ્દાઓ પર ચર્ચા કરાઈ હતી.

જનભાગીદારી પર ભાર મૂકતાં વડાપ્રધાન મોદીએ કહ્યું હતું કે, આંગણવાડી કેન્દ્રો માત્ર અલગથી કાર્ય કરતી સંસ્થાઓ બનીને ન રહે, પરંતુ સામાજિક ભાગીદારીનાં કેન્દ્રો તરીકે વિકસે. તેમણે સૂચવ્યું હતું કે, આંગણવાડીની આસપાસ રહેતા પરિવારોને ખાસ પ્રસંગોએ બાળકો માટે પૌષ્ટિક ખોરાક, રમકડાં અને સ્થાનિક જરૂરિયાતોને અનુરૂપ અન્ય વસ્તુઓનું યોગદાન આપવા પ્રોત્સાહિત કરવા જોઈએ.

આંગણવાડી સેવાઓને વધુ મજબૂત બનાવવા માટે શૈક્ષણિક સંસ્થાઓની ભાગીદારીનું મહત્ત્વ પણ તેમણે સમજાવ્યું હતું. નજીકનાં આંગણવાડી કેન્દ્રોને દત્તક લઈને અને સામાજિક અસરના અભ્યાસ હાથ ધરીને યુનિવર્સિટીઓ વિદ્યાર્થીઓને સામાજિક કલ્યાણમાં યોગદાન આપવાની તક આપી શકે છે. સાથે જ, આવા અભ્યાસ દ્વારા આંગણવાડીની સેવાઓમાં સુધારો કરવા માટે ઉપયોગી માહિતી પણ મળી શકે છે. વડાપ્રધાન મોદીએ કહ્યું હતું કે મેડિકલના વિદ્યાર્થીઓ, NSSના સ્વયંસેવકો અને NCCના સ્વયંસેવકોને પણ આંગણવાડી કેન્દ્રો તથા અન્ય સામુદાયિક પહેલ સાથે જોડી શકાય છે.

ડીપફેક વીડિયો-ફોટો બનાવવા એઆઈ ટૂલ્સનો દુરુપયોગ

એઆઈથી નકલી સીસીટીવી ફૂટેજ, ફેક વોઈસથી છેતરપિંડી વધ્યા

સંબંધીના અવાજની નકલ કરીને હજારો-લાખોનો ચુનો લગાડતા સાઈબર ગુનેગારો, અશ્લિલ વીડિયો બનાવીને બ્લેકમેઈલિંગની ચોંકાવનારી ઘટના

નવી દિલ્હી, તા.૧૦

એઆઈ ટૂલ્સની મદદથી અલગ અલગ પ્રકારની સાઈબર ગુનાખોરીમાં વધારો થયો છે. અવાજની નકલ કરીને લાખો-કરોડોની આર્થિક છેતરપિંડીના બનાવો સામે આવી રહ્યા છે. બદનામ કરવા કે બ્લેક મેઈલ કરવા માટે એઆઈની મદદથી ડીપફેક અશ્લિલ વીડિયો બનાવાયાની ઘટનાઓ પણ બનવા લાગી છે. તે એટલે સુધી કે હવે સીસીટીવી ફૂટેજ પણ નકલી બનાવાઈ રહ્યા છે. અસલી જેવા લાગે એવા સીસીટીવી ફૂટેજ એઆઈની મદદથી બનાવી લેવામાં આવે છે.કેન્દ્ર સરકારના આઈટી મંત્રાલયે થોડા સમય પહેલાં એઆઈ ટૂલ્સથી ડીપફેક મીડિયા ક્રિએટ થાય છે તેને ગંભીર ટેકનોલોજી ગણી હતી. ડીપફેક એટલે એવી મેથડ કે જેમાં નકલી મીડિયા પણ અસલી લાગે. ખાસ તો વોઈસ, વીડિયો કે ટેક્સ્ટ એવી રીતે જનરેટ કરવામાં આવે છે કે તેને જોનાર એવું માની બેસે છે કે તે અસલી છે. એવા એક પછી એક કિસ્સા પણ સામે આવી રહ્યા છે. થોડા મહિના પહેલાં દિલ્હી પોલીસે એક ગેંગને પકડી પાડી હતી. આ સાઈબર ગુનેગારો વોઈસ ક્લોનિંગનો ઉપયોગ કરીને આર્થિક ગુનાખોરી આચરતા હતા. મુંબઈની એક કંપનીના મેનેજિંગ ડિરેક્ટરનો અવાજ કાઢીને આરોપીએ જનરલ મેનેજરને જુદી જુદી રકમ ટ્રાન્સફર કરવાનો આદેશ આપ્યો હતો. ૧૦ કરોડ રૂપિયાની છેતરપિંડી થઈ હતી. આખરે આખી ગેંગ ઝડપાઈ ગઈ હતી.દિલ્હીમાં જ એક પોલીસ અધિકારીને બદનામ કરવા માટે નકલી સીસીટીવી બનાવાયા હતા. અધિકારી મહિલા સાથે અશ્લિલ હરકતો કરતા હોય એવું સીસીટીવી ફૂટેજમાં દેખાતું હતું. તપાસ કરતાં જણાયું કે એ સીસીટીવી ફૂટેજ એઆઈની મદદથી બન્યા હતા. સોશિયલ મીડિયામાં તેને સીસીટીવી



ફૂટેજ ગણાવીને વાયરલ કરાયા હતા. આધાર વેરિફિકેશનમાં ચેડાં કરવા માટે તો અમદાવાદમાં જ ડીપફેકના ઉપયોગનો કિસ્સો સામે આવ્યો.નકલી લોન લેવા માટે બાયો મેટ્રિક્સમાં ગરબડનો મામલો હતો. ગાઝિયાબાદમાં પોલીસે તાજેતરમાં ચાર આરોપીઓને પકડી પાડયા હતા. એમના પર આરોપ હતો કે એક વિદ્યાર્થિનીનો એઆઈની મદદથી અશ્લિલ વીડિયો બનાવ્યો હતો અને તેના નામે બ્લેકમેઈલિંગનો ખેલ ચાલતો હતો. એવી જ રીતે ડીપફેકની મદદથી નકલી વીડિયો બનાવીને મધ્યપ્રદેશમાં ખંડણી માંગવામાં આવી હતી.

દીકરાનું અપહરણ થયું હોવાનું ફેક વીડિયો બતાવીને દાવો કર્યો હતો અને પછી એક લાખ રૂપિયાની ખંડણી ઉઘરાવી હતી. એઆઈની મદદથી આ પ્રકારની ઘટનાઓમાં જબરો ઉછાળો આવ્યો છે.

ચૂંટણી પંચનો છબરડો

મહારાષ્ટ્રમાં ૨.૭ લાખ મતદારોની ઉંમર ૧૦૦ વર્ષથી વધુ નોંધાઈ

સિસ્ટમની ગરબડને કારણે ૨,૭૦,૩૧૩ મતદારોનું જન્મ વર્ષ ૧૯૦૦ નોંધાતા તેમની ઉંમર ૧૦૧થી ૧૫૦ વર્ષ દેખાઈ

મુંબઈ, તા.૧૦

મહારાષ્ટ્રમાં સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR-2026) હેઠળ તૈયાર કરાયેલી ડ્રાફ્ટ મતદાર યાદીમાં એક ચોંકાવનારી ટેકનિકલ ખામી સામે આવી છે. સિસ્ટમની મોટી ગરબડને કારણે રાજ્યના ૨,૭૦,૩૧૩ મતદારોનું જન્મ વર્ષ સીધું ૧૯૦૦ નોંધાઈ ગયું હતું, જેના કારણે ડ્રાફ્ટ રોલમાં તેમની ઉંમર ૧૦૧થી ૧૫૦ વર્ષની વચ્ચે દેખાવા લાગી હતી. આટલી ગંભીર ભૂલ હોવા છતાં, કેન્દ્રીય ચૂંટણી પંચને આ ટેકનિકલ ખામી સુધારવામાં એક મહિના કરતાં પણ વધુ સમય લાગી ગયો હતો.

ઈન્ડિયન એક્સપ્રેસના અહેવાલ અનુસાર આ સમગ્ર છબરડામાં સૌથી મોટો હિસ્સો નાસિક જિલ્લામાં જોવા મળ્યો હતો. અસરગ્રસ્ત ૨,૭૦,૩૧૩ મતદારોમાંથી ૨,૩૭,૯૭૪ એટલે કે પૂરા ૮૮% મતદારો માત્ર નાસિક જિલ્લાના ૩ વિધાનસભા મતવિસ્તારોમાં નોંધાયા હતા. આ વિસ્તારોમાં કલવણ ચાંદવડ અને દેવલાલીનો સમાવેશ થાય છે. જ્યારે બાકીના ૩૨,૩૩૯ મતદારો સમગ્ર રાજ્યના અન્ય વિસ્તારોમાં નોંધાયા હતા. ડ્રાફ્ટ યાદીમાં મોટી સંખ્યામાં મતદારોની ઉંમર સીધી ૧૨૬ વર્ષ દેખાડવામાં આવી હતી.

પોતાના જ રાજ્યના મતદારોનો સાચો ડેટા મેળવવા માટે મહારાષ્ટ્રના મુખ્ય ચૂંટણી અધિકારીની કચેરીને દિલ્હી સ્થિત મુખ્યાલય સમક્ષ સતત પાંચ અઠવાડિયા સુધી પત્રવ્યવહાર કરવો પડ્યો હતો. આ ભૂલ સુધારવા માટે મહારાષ્ટ્રના મુખ્ય ચૂંટણી અધિકારી એસ. ચોક્કલિંગમે ચૂંટણી પંચના IT વિભાગ પાસે એક્સેલ ફોર્મેટમાં જૂનો અને નવો ડેટા માંગ્યો હતો. ૨ સપ્ટેમ્બર અને ૮ સપ્ટેમ્બરે પત્રો લખ્યા છતાં ડેટા ન મળતાં તેમણે સિનિયર ડેપ્યુટી ઈલેક્શન કમિશનર મનીષ ગર્ગને તાકીદ કરી હતી કે IT સેક્શન કોઈપણ વિલંબ વિના ડેટા આપે. આખરે ૫ ઓક્ટોબરે મીડિયા દ્વારા નવી દિલ્હીમાં પ્રવક્તા સમક્ષ પ્રશ્નો ઉઠાવવામાં આવ્યા ત્યારે દિલ્હીથી જવાબ મળ્યો હતો અને ૬ ઓક્ટોબરે સિસ્ટમમાંથી આ ટેકનિકલ ખામી દૂર કરવામાં આવી હતી. અધિકારીઓના જણાવ્યા મુજબ સિસ્ટમમાં જન્મ વર્ષનું ડિફોલ્ટ ફિલ્ડ ૧૯૦૦ સેટ થઈ જતાં આ ગરબડ ઊભી થઈ હતી. આ ઘટનાક્રમે ચૂંટણી પંચની આંતરિક કાર્યપ્રણાલી અને રાજ્યોની લાચારી ઉજાગર કરી દીધી છે. કાયદાકીય રીતે મતદાર યાદીમાં સુધારા કરવાની સત્તા ધરાવતા રાજ્યના CEO, જિલ્લા ચૂંટણી અધિકારીઓ અને ઈલેક્ટોરલ રજિસ્ટ્રેશન ઑફિસર્સ પાસે પોર્ટલનો સંપૂર્ણ એક્સેસ ન હોવાની બાબતે ચૂંટણી કમિશનર સુખબીર સિંહ સંધુએ વાંધો ઉઠાવ્યો હતો. સાથોસાથ અન્ય એક ચૂંટણી કમિશનર વિવેક જોશીએ પણ મતદાર યાદીના ડેટાબેઝનું સતત થઈ રહેલું કેન્દ્રીકરણ (સેન્ટ્રલાઈઝેશન) ચિંતાજનક ગણાવ્યું હતું.

મહારાષ્ટ્રમાં ૩૧ ઑગસ્ટે પ્રસિદ્ધ થયેલી ડ્રાફ્ટ યાદીમાં મતદારોની સંખ્યા ઘટીને ૭.૭૨ કરોડ થઈ છે, જે SIR અગાઉ ૯.૩૯ કરોડ હતી. આ યાદી સામે દાવા અને વાંધા રજૂ કરવાની છેલ્લી તારીખ ૧૨ ઑક્ટોબર છે, જ્યારે આખરી મતદાર યાદી ૧૬ નવેમ્બરે જાહેર કરવામાં આવશે. એક સામાન્ય ભૂલ સુધારવા માટે રાજ્યના સર્વોચ્ચ અધિકારીને દિલ્હી સમક્ષ મહિના સુધી દોડધામ કરવી પડે તે બાબત વહીવટી પારદર્શિતા સામે મોટા સવાલો ખડા કરે છે.

દિલ્હીમાં દેખાવોને પગલે અનેક ટ્રેનો રદ થતાં મુસાફરો રઝળી પડ્યા

નવી દિલ્હી , તા.૧૦

દિલ્હીમાં જંતર-મંતર પર પ્રદર્શનના આયોજન પહેલા સુરક્ષા વ્યવસ્થા અત્યંત કડક કરી દેવામાં આવી છે. સુરક્ષાના કારણોસર અંદાજે ૨૪૫ જેટલી લોકલ અને ટૂંકા અંતરની ટ્રેનો રદ કરવામાં આવી છે, જેના કારણે બહારથી આવતા મુસાફરોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. નવી દિલ્હી રેલવે સ્ટેશન પર બોર્ડ પર સતત ટ્રેનો રદ થયાની માહિતી દર્શાવવામાં આવી રહી છે.

માત્ર રેલવે મુસાફરો જ નહીં, પરંતુ રસ્તા માર્ગે આવતા લોકોને પણ ભારે ટ્રાફિક અને પોલીસ ચેકિંગનો સામનો કરવો પડ્યો છે. દુબઈથી આવેલા એક વિદેશી મુસાફરે જણાવ્યું કે તેમણે એરપોર્ટથી નવી દિલ્હી રેલવે સ્ટેશન જવા માટે ટેક્સી બુક કરી હતી, પરંતુ રસ્તામાં ભારે ટ્રાફિક અને પોલીસ દ્વારા લોકોને રોકવામાં આવી રહ્યા હોવાથી ટેક્સી ડ્રાઇવરે તેમને રસ્તામાં જ ઉતારી દીધા હતા, જેને કારણે સ્ટેશન સુધી પહોંચવામાં તેમને ભારે મુશ્કેલી પડી હતી.

દિલ્હીની નજીક આવેલી નોઈડા બોર્ડર સહિત તમામ સરહદો પર પણ પોલીસ બંદોબસ્ત સઘન બનાવવામાં આવ્યો છે. પોલીસ દ્વારા આવતા-જતા લોકોને સ્પષ્ટ ચેતવણી આપવામાં આવી રહી છે કે જંતર-મંતર પર પ્રદર્શન માટે કોઈ મંજૂરી આપવામાં આવી નથી. જો કોઈ નિયમોનું ઉલ્લંઘન કરશે તો ભારતીય ન્યાય સંહિતા (BNS)ની કલમ ૨૨૩ અને અન્ય સંબંધિત કાયદાકીય જોગવાઈઓ હેઠળ કડક કાર્યવાહી કરી શકાય છે અને જરૂર પડ્યે અટકાયત પણ થઈ શકે છે. બીજી તરફ, પ્રદર્શનના આયોજકોના જણાવ્યા મુજબ સવારથી જ લોકો એકત્રિત થવાના શરૂ થયા છે, ત્યારે પોલીસની કડક ચેતવણીઓ વચ્ચે પ્રદર્શનકારીઓ કેટલા સફળ થઈ શકે છે તેના પર સૌની નજર રહેશે.

દુબઈથી આવેલા મુસાફરને પણ એરપોર્ટથી રેલવે સ્ટેશન પહોંચવામાં હાલાકી પડી : ૨૪૫ ટ્રેનો રદ થતા યાત્રાળુ પરેશાન

હાઈવે પર લાંબો ટ્રાફિક જામ

મહારાષ્ટ્રના નાગપુર-અમરાવતી હાઈવે પર ૧૩.૫ ટન વિસ્ફોટકો ભરેલું કન્ટેનર પલટ્યું

ભીષણ ટક્કર એટલી શક્તિશાળી હતી કે કન્ટેનર ટ્રેલરની મુખ્ય ચેસિસથી તૂટીને અલગ થઈ ગયો અને સીધો રોડ પર ફંગોળાઈ ગયો હતો

નાગપુર, તા.૧૦

મહારાષ્ટ્રના નાગપુર-અમરાવતી હાઈવે પર ૧૩.૫ ટન વિસ્ફોટકો ભરેલું કન્ટેનર પલટ્યું, મોટી દુર્ઘટના ટળી. મહારાષ્ટ્રના નાગપુર-અમરાવતી હાઈવે પર શુક્રવારે રાત્રે એક ગંભીર માર્ગ અકસ્માત સર્જાતા સર્જાતા રહી ગયો હતો. પ્રાપ્ત માહિતી અનુસાર, ધામના વિસ્તારમાં આ અકસ્માત રાત્રે આશરે ૮ વાગ્યે થયો હતો. લગભગ ૧૩.મહારાષ્ટ્રના નાગપુર-અમરાવતી હાઈવે પર શુક્રવારે રાત્રે એક ગંભીર માર્ગ અકસ્માત સર્જાતા સર્જાતા રહી ગયો હતો. પ્રાપ્ત માહિતી અનુસાર, ધામના વિસ્તારમાં આ અકસ્માત રાત્રે આશરે ૮ વાગ્યે થયો હતો. લગભગ ૧૩.૫ ટન વિસ્ફોટક (બારૂદ) ભરેલો એક કન્ટેનર અચાનક પલટી ગયો હતો, જેના કારણે આસપાસના વિસ્તારમાં ભારે હચમચ મચી ગઈ હતી. સદનસીબે, કન્ટેનરની અંદર રહેલું વિસ્ફોટક મટીરીયલ બહાર ન આવતા એક મોટી અને વિનાશક હોનારત ટળી ગઈ હતી.ઘટનાની વિગતો મુજબ, ચાલક રોશન નું વાહન પરથી અચાનક નિયંત્રણ છૂટી ગયું હતું. આ નિયંત્રણ ગુમાવવાને કારણે ભારે ભરખમ ટ્રેલર રોડની વચ્ચે આવેલા ડિવાઈડર સાથે જોરદાર ટકરાઈને પલટી મારી ગયું હતું. ભીષણ ટક્કર એટલી શક્તિશાળી હતી કે કન્ટેનર ટ્રેલરની મુખ્ય ચેસિસથી તૂટીને અલગ થઈ ગયો અને સીધો રોડ પર ફંગોળાઈ ગયો હતો. આ અકસ્માતમાં કન્ટેનર ચાલક રોશન હરિજન ગંભીર રીતે ઘાયલ થયો છે, જેને તાત્કાલિક સારવાર અર્થે ખસેડવામાં આવ્યો છે.આ દુર્ઘટનાને કારણે નાગપુર તરફ જતો મુખ્ય હાઈવેનો રસ્તો સંપૂર્ણપણે બ્લોક થઈ ગયો હતો. હાઈવે પર લાંબો ટ્રાફિક જામ સર્જાતા વાહનોની અવરજવર કલાકો સુધી ભારે પ્રભાવિત રહી હતી. પ્રશાસન અને ટ્રાફિક પોલીસ દ્વારા તાત્કાલિક ધોરણે સ્થિતિ પર કાબૂ મેળવીને વાહન વ્યવહાર પૂર્વવત કરવાના પ્રયાસો હાથ ધરવામાં આવ્યા હતા.પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે આ કન્ટેનરમાં બારૂદ બનાવતી એક અગ્રણી કંપનીનું કાચું મટીરીયલ (રો-મટીરીયલ) ભરેલું હતું. અકસ્માતના આ બનાવ અંગે હિંગણા પોલીસ સ્ટેશન દ્વારા સઘન તપાસ શરૂ કરવામાં આવી છે. પોલીસ દ્વારા અકસ્માતનું ચોક્કસ કારણ જાણવા અને વાહનની ટેકનિકલ ખામી સહિતના તમામ પાસાઓની ઊંડાણપૂર્વક તપાસ કરવામાં આવી રહી છે.

આણંદ કૃષિ યુનિવર્સિટીના હવામાન શાસ્ત્રીની સલાહ

ગુજરાતમાં રવિ પાક પર અલ નીનોનું મોટું સંકટ

આણંદ,

અલ નીનો શું છે. અલ નીનો એટલે પ્રશાંત મહાસાગર અને પૂર્વીય ભારતમાં સમુદ્ર...સમુદ્રની સપાટી ઉપર તાપમાન સામાન્ય કરતાં વધુ ગરમ થવાની હવામાનની ઘટના છે. તેના કારણે વિશ્વમાં ઘણા વિસ્તારોમાં વરસાદ, તાપમાન અને પવનની દિશામાં ફેરફાર થાય છે. આપણે સરળ ભાષામાં કહી શકીએ તો જ્યારે વિષુવવૃત્ત નજીકના પ્રશાંત મહાસાગરના પાણી સામાન્ય કરતાં વધારે ગરમ થાય છે ત્યારે તેને અલ નીનોની અસર કહેવાય છે.

આ ઘટનાની અસર ભારતીય ચોમાસા ઉપર પણ પડી શકે છે, જ્યારે ઘણી બાબતમાં વરસાદ ચોમાસાનું વરસાદ સામાન્ય કરતાં ઓછું અને પહેલાં આપણે જે ચોમાસું છે લેટ આવી શકે અને ક્યારેક વધારે વરસાદ હોય, ક્યારેક બહુ ઓછું વરસાદ થઈ શકે છે.

ગત ચોમાસા ઉપર ગુજરાતમાં અલ નીનોના બહુ અસર જોવા મળી છે. ગુજરાતના જુદા જુદા જિલ્લાઓમાં વધતો ઓછો વરસાદ થયો છે, ખાસ કરીને દેવભૂમિ દ્વારકામાં છેલ્લા ૧૦ વર્ષનાએવરેજ જોઈએ તો સામાન્ય કરતાં ૧૮% ઓછા વરસાદ થયો છે. ગુજરાતમાં વરસાદને માત્ર અલ નીનો દ્વારા સમજાઈ શકાય એમ નથી. ખાલી અલ નીનોના અસર છે એમ નથી. આમાં **IOD, MJO**, અરબી સમુદ્રની સ્થિતિ, સ્થાનિક વરસાદની જે બીજું પ્રમાણો છે, પવનની ગતિ અને સર્ફયુલેશન જેવા જે છે આ બધું પણ અસર કરે છે.

હવે રવિ સીઝન આવે છે, તો રવિ સીઝન માટે જો ખેડૂતોમાં આ અલ નીનોની જે અસર છે, રવિ સીઝનમાં શું કરી શકાય. વરસાદ અનિયમિત વરસાદ થઈ અને કઈક વરસાદ વધારે-ઓછા થઈ, તો આના લીધે ભેજના પણ થોડુંક અસર રહેશે. ભેજ ઓછા રહે. તો ચોમાસામાં ભેજની અછત હોય ત્યારે વાવણી પહેલાં જમીનની ભેજ તપાસવી. અને સિંચાઈનું પાણી...જ્યારે . સિંચાઈનું પાણીની વ્યવસ્થા હોય અને જેટલી વ્યવસ્થા સિંચાઈની પાણી હોય આના આધારિત આપણે જે પાકની સેલેકશન કરવું હોય, પાક ઓછા પાણીમાં જે પાક થઈ શકે.

પહેલું તાપમાન છે, અલ નીનોના લીધે ગરમ અને શુષ્ક પરિસ્થિતિ રહેશે,પહેલી યોગ્ય સમયે વાવણી કરવાનું, વહેલી કરવાનું. જ્યારે તાપમાનના જે વધારે અને ડ્રાય અને હોટ વેધર રહેશે, ડ્રાય અને હોટ વેધરના અસર ઓછા થઈ શકે. અને રોગ-જીવાત માટે ગરમ અને શુષ્ક હવામાનથી કેટલીક જીવાતો વધી શકે, તો આના લીધે નિયમિત પાક નિરીક્ષણ અને પાકમાં જે આપણે રોગ-જીવાત માટે જે પગલાં લઈ શકીએ આ ટાઈમસર લેવાય. આનાથી જે અલ નીનોના અસરો છે, આના અસરો પૂરી રીતે આખું તો ઓછા નહીં કરી શકીએ પણ થોડુંક અટકાવી શકીએ અને જે અલ નીનોના અસર છે એ ઓછા કરી શકીએ.

રોકાણ પર માસિક ૨ ટકા વળતરની લાલચ આપી ૧.૨૭ કરોડની છેતરપિંડી

અમદાવાદ,

રોકાણ પર દર મહિને બે ટકા વળતર આપવાની અને બેથી ત્રણ વર્ષમાં નાણાં બમણાં કે ત્રણ ગણા કરી આપવાની લાલચ આપીને રોકાણકારો સાથે રૂ. ૧.૨૭ કરોડની છેતરપિંડી કરવામાં આવી હોવાનો મામલો ખૂલ્યો છે. નિકોલમાં રહેતા રજનીકાંત પ્રભુભાઈ રામાણીએ આ અંગે અમદાવાદ કાઈમ બ્રાન્ચમાં ફરિયાદ નોંધાવી છે. ખાનગી કંપનીના ચાર સંચાલકોએ અન્ય રોકાણકારો સાથે મળીને ફરિયાદી પાસેથી રૂ. ૧૦ લાખ સહિત કુલ ૧.૨૭ કરોડનું રોકાણ મેળવ્યું હોવાનો આક્ષેપ છે.ફરિયાદી રજનીકાંત રામાણીની ફરિયાદ મુજબ વર્ષ ૨૦૨૩થી આરોપીઓએ કંપની બનાવી હતી. કંપનીના સંચાલકો વિરાટ હસમુખભાઈ પરમાર, અલ્કેશપુરી ગણેશપુરી ગોસ્વામી, ભાર્ગવ દેવેન્દ્ર પંડ્યા અને ધર્મેશ ચૌહાણ રોકાણકારોને કંપનીમાં નાણાં રોકવા માટે પ્રેરતા હતા. રોકાણ પર દર મહિને બે ટકા વળતર આપવાની અને બેથી ત્રણ વર્ષમાં રોકાણની રકમ બમણીથી ત્રણ ગણી કરી આપવાની ખાતરી આપવામાં આવતી હતી.

અન્ય રોકાણ વિકલ્પો કરતાં વધુ નફો મળવાની લાલચમાં અનેક લોકોએ કંપનીમાં નાણાં રોકયાં હોવાનો ફરિયાદમાં ઉલ્લેખ છે. આરોપીઓની વાતોમાં આવીને રજનીકાંત રામાણીએ કંપનીમાં રૂ. ૧૦ લાખનું રોકાણ કર્યું હતું. શરૂઆતમાં તેમને વળતર ચૂકવવામાં આવતું હતું, પરંતુ થોડા સમય બાદ વળતરની ચૂકવણી બંધ કરી દેવામાં આવી હતી. ત્યારબાદ ફરિયાદીએ તપાસ કરતાં તેમની જેમ અન્ય ઘણા લોકોએ પણ કંપનીમાં નાણાં રોકયાં હોવાનું અને તેમની પાસેથી પણ મોટી રકમ મેળવવામાં આવી હોવાનું જણાયું હતું. રજનીકાંત રામાણી સહિત અન્ય રોકાણકારોએ કુલ ૧.૨૭ કરોડનું રોકાણ કર્યું હતું. જોકે, બાદમાં રોકાણકારોને વળતર આપવાનું બંધ કરી દેવામાં આવ્યું હતું અને તેમની મૂળ મૂડી પણ પરત કરવામાં આવી નહોતી. આ રીતે વિશ્વાસમાં લઈને નાણાં મેળવ્યા બાદ ચુકવણી નહીં કરીને છેતરપિંડી કરવામાં આવી હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. આ મામલે રજનીકાંત રામાણીએ અમદાવાદ કાઈમ બ્રાન્ચમાં ફરિયાદ નોંધાવી હતી. જેને આધારે સબ ઈન્સ્પેકટર સિસોદિયાએ વધુ તપાસ આદરી છે.

વડીલો વગરનું ઘર - ઘર કે મકાન?

આજથી પાંચ છ દાયકા પહેલાં સંયુક્ત કુટુંબ અસ્તિત્વ ધરાવતું હતું. સંયુક્ત કુટુંબમા ઘરના સભ્યો સાથે રહેતા. દાદા-દાદી, મા-બાપ, કાકા-કાકી, ફોઈ, ભાઈઓ-ભાભી અને બાળકો સાથે રહેતા, સાથે જમતા. કુટુંબમાં એકતા, સંપનો માહોલ આનંદ કિલ્લોલમા પસાર થતો. ઘરના મોભી આખા ઘરનું સંચાલન કરતા, દરેક સભ્યનું ધ્યાન રાખતા. દરેકની જરૂરિયાતને સમજતાં. ક્યાંય કોઈને મારું, તારું એવો ભેદભાવ નહોતો. બધું આપણું જ માનતા હતા. દરેક પ્રસંગ હર્ષોલ્લાસથી ઉજવતાં. સુખ દુઃખમાં બધા જ સાથે રહેતા. ઘરમાં કોઈપણ પ્રકારના કામ હોય. વડીલોની સલાહ સૂચન વિના કોઈ જ કામ થઈ શકે નહીં. વડીલો એક દિશાસૂચન ગણાતાં. ઘરનો કોઈ સભ્ય વડીલની પરવાનગી મેળવ્યા સિવાય કોઈ કામ ના કરી શકે. ઘરમાં કોઈપણ પ્રશ્ન ઉભો થાય એનો હલ વડીલો પાસે જરૂર મળી રહે. ઘરમાં વડીલ હોય એટલે બધા જ નિશ્ચિત રહે. કોઈપણ પ્રશ્ન આવે વડીલને માથે નાખી દેવાનો. બધા જ મુક્ત મને જીવન જીવે. ટેન્શન મુકત જીવન. દીકરા દીકરીઓના ભણતરથી લગ્ન સુધીની બધી જ જવાબદારી વડીલો બખૂબી નિભાવતા હતા.? એ અનેરો લ્હાવો તો જેણે લીધો હોય એ જ ભાગ્યશાળી.

ધીમે ધીમે સંયુક્ત કુટુંબનું સ્થાન વિભક્ત કુટુંબમાં વિભાજિત થવા લાગ્યું. વિભક્ત કુટુંબો થવા પાછળ પણ ઘણા કારણો સંકળાયેલા છે. ગામડાઓમાં રોજગારીની તકો ઘટવા લાગી એટલે નોકરી ધંધાર્થે ગામડામાંથી શહેર તરફ લોકો વળ્યા. શહેરમાં રહેવાની સગવડો, મોંઘવારી અને ભરણપોષણની જવાબદારી તેમજ ઈતર ખર્ચાઓ વધવા લાગ્યા. કુટુંબના વડીલોથી દૂર રહેવાની આદત પડી ગઈ. સ્વતંત્રતા મળતા મનની મરજી મુજબ જીવન જીવવાની છૂટ મળી ગઈ. વડીલોની કોઈ આમાન્યા રહી નહીં, શેહશરમ ના રહી, વસ્ત્રોની પસંદગીથી તમામ બાબતોમાં કોઈ રોકટોક ના રહી. સંયુક્ત કુટુંબની મર્યાદાના રહી એટલે મનસ્વી રીતે જીવવાનો આનંદ મેળવવા લાગ્યા.

વિભકત કુટુંબમાં રહેવાથી મન પણ નોખા થવા લાગ્યા. જેના ચુલા અલગ એના મન પણ અલગ. એમ ખાણીપીણી રહેણીકરણી અલગ એના મન અલગ થઈ જ જાય. બહારની ખાણીપીણીથી વિચારો બદલાયા. મન બદલાયા. બધાને સ્વતંત્રતા ગમવા લાગી. રોકટોક વિનાનું જીવન ગમવા લાગ્યું. કોઈ બંધનમાંથી મુક્ત થવાની ભાવના અનુભવવા લાગ્યા. વડીલો પ્રત્યે અણગમો થવા લાગ્યો. સંયુક્ત કુટુંબનું સ્થાન વિભક્ત કુટુંબ લેવા લાગ્યું. કુટુંબ નાના થતાં ગયાં. કુટુંબની સાથે મન, વિચારો પણ સંકુચિત થવા લાગ્યા.

જે સંયુક્ત કુટુંબમાં વડીલોનો પ્રેમ સમગ્ર કુટુંબને મળતો હતો એ બંધ થતો ગયો. સમયાંતરે વડીલોની હાજરીનો અણગમો થવા લાગ્યો.

અઠવાડીયે, પખવાડીયે કે મહીનામાં એક બે દિવસ વડીલોને મળી સંતોષ માનવા લાગ્યા.

ખરેખર વડીલોની હાજરીથી ઘરનો ધબકાર હોય એ ધબકાર બંધ થઈ ગયો. ઘરના દરેક સભ્ય પર વડીલોની નજર રહેતી, પ્રેમ રહેતો, ખબર અંતર પુછતા, કોઈ વહેલા મોડા આવે તો ચિંતા કરતા એવો એક ધબકાર ઘરમાં બંધ થઈ ગયો. ચહલપહલ બંધ થઈ ગઈ.

વિભક્ત કુટુંબમાં નાના બાળકો એકલા અટુલા પડી ગયા. દાદા દાદીનો પ્રેમ દુર્લભ થયો. સંપ એકતાની ભાવના તૂટી. એકલવાયું જીવન જીવવા લાગ્યા. વડીલો પણ મન મનાવવા લાગ્યા કે, નોકરી, ધંધામાં વ્યસ્ત દીકરાઓ સાથે ના રહી શકે, સમય ફાળવી ના શકે. એમનામાં વ્યસ્ત હોય. એમ મન મોટું રાખી જતું કરતા રહ્યા. દીકરાઓ કુટુંબ સાથે આવે ત્યારે ઘરમાં આનંદ કિલ્લોલનું વાતાવરણ રહે. વળી પાછા પોત પોતાના માળામાં વિખેરાઈ જાય એટલે એકદમ ઘરમાં શાંતિ છવાઈ જાય. કોઈ જ કોલાહલ નહીં કે કોઈ કામ નહીં. વડીલોને સમય કેમે કરીને પસાર થાય નહીં. એકલવાયું જીવન જીવવું દુઃખદ લાગે. છતાં છોકરાઓની પ્રગતિ અને સમય સમજી મન મનાવી વડીલો એકલા જીવતા થયા. ઘરો સુના પડ્યા.

શહેરમાં વસતા વિભક્ત કુટુંબો વડીલો વિનાના ઘરો ઘર નહીં ફક્ત મકાન બની ગયા.

વડીલો વગરનું ઘર નહીં, સીમેન્ટ, રેતી, કાંકરેટના મકાન જ રહી ગયાં. જે ઘરોમાં વડીલોના આશીર્વાદ નથી, વડીલોની સલાહ નથી, કોઈ માર્ગદર્શન નથી કે વડીલોના આહટનો અભાવ છે એ ઘરો ઘરો નહીં ફક્ત મકાન બની રહે છે.

આજના યુગમાં વડીલોને ડસ્ટબીન જેવા ઉપનામો આપી ઉલ્લેખવામાં આવે છે. વૃદ્ધાશ્રમમાં ઘરના વડીલોને મોકલી સ્વતંત્રતામાં જીવતી આજની પેઢી શું સ્વતંત્ર છે? જરૂર પડે વડીલોનો જ સહારો ખોળે છે.

આવી સ્વતંત્રતા શું કામની? જે ઘરમાં વડીલોની હાય હોય. વડીલોની હાજરી વિનાના ઘરને ઘર કહી જ ના શકાય.. એવા ઘરો ફક્ત મકાનની ચાર દિવાલો જ છે.

બંકિમચંદ્ર બ્રહ્મભટ્ટ 'ચંદ્ર' (ચાંદખેડા)અમદાવાદ

નવરાત્રીમાં નાગરિકો મદદ માટે ૧૧૨ અથવા પોલીસ કંટ્રોલ રૂમનો સંપર્ક કરી શકે

ગાંધીનગર,

આસ્થા, ઉલ્લાસ અને પરંપરાગત ગરબાના મહાપર્વ નવરાત્રી દરમિયાન રાજ્યભરમાં શાંતિપૂર્ણ અને સુરક્ષિત વાતાવરણ જળવાઈ રહે તે માટે ગુજરાત પોલીસે ચુસ્ત બંદોબસ્ત પ્લાન તૈયાર કર્યો છે. રાજ્યના નાગરિકો નિર્ભય બનીને ગરબે ઘૂમી શકે તે હેતુથી સમગ્ર રાજ્યમાં થ્રી લેયર સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. રાજ્યના સંવેદનશીલ મહાનગરોથી માંડીને ગ્રામીણ વિસ્તારો સુધી નોંધાયેલા કુલ ૨૨ હજારથી વધુ ગરબા મહોત્સવોમાં લાખો ખેલૈયાઓ ગરબે ઘૂમશે. તેને ધ્યાને રાખીને રાજ્ય પોલીસ વડા જ્ઞાનેન્દ્રસિંહ મલિકે (જી.એસ. મલિક) તમામ જિલ્લા પોલીસ વડાઓ તેમજ પોલીસ કમિશનરને એલર્ટ રહીને પેટ્રોલિંગ વધારવા સ્પષ્ટ આદેશો આપ્યા છે.

ગુજરાત પોલીસે નાગરિકોને કોઈપણ શંકાસ્પદ હિલચાલ કે કટોકટીના સમયે તાત્કાલિક સ્થાનિક પોલીસ કંટ્રોલ રૂમ અથવા ઈમરજન્સી હેલ્પલાઈન નંબર ૧૧૨ પર સંપર્ક કરવા અપીલ કરી છે.

ગરબા પંડાલોમાં મહિલાઓ અને યુવતીઓની સુરક્ષા પોલીસની પ્રાથમિકતા છે. ભીડભાડવાળા માર્ગો, શોપિંગ ઝોન અને પાર્ટી પ્લોટ્સમાં સાદા કપડાં તેમજ યુનિફોર્મમાં તૈનાત મહિલા પોલીસ ઉપરાંત ટ્રેડિશનલ ડ્રેસમાં ગરબા ગ્રાઉન્ડમાં સક્ષ્ા મહિલા પોલીસકર્મીઓની 'શી-ટીમ' સતત વોચ રાખશે.

ખેલૈયાઓના વેશમાં આવીને છેડતી, અસભ્ય વર્તન કે હેરાનગતિ કરવાનો પ્રયાસ કરનારા તત્વો સામે સ્થળ પર જ કડક કાનૂની સકંજો કસવામાં આવશે.

તહેવારો દરમિયાન ડિજિટલ માધ્યમો દ્વારા સામાજિક સૌહાર્દ ડહોળવાના કોઈપણ પ્રયાસને ડામી દેવા માટે સાયબર કાઈમ પોલીસ સંપૂર્ણ સક્ષ્ા છે.

દેવી-દેવતાઓ વિરુદ્ધ વાંધાજનક ટિપ્પણી, બિભત્સ સામગ્રી કે ધાર્મિક લાગણી દુભાવતા વિડીયો-ઓડિયો વાયરલ કરનારા અસામાજિક તત્વો પર આધુનિક ટૂલ્સથી ૨૪ કલાક મોનિટરિંગ કરવામાં આવી રહ્યું છે. કોઈપણ પ્રકારની અફવા ફેલાવનાર સામે આઈ.ટી. એક્ટની કડક કલમો હેઠળ તાત્કાલિક એફઆઈઆર નોંધી ધરપકડ કરવામાં આવશે.

તમામ ગરબા આયોજકો માટે સ્પષ્ટ સુરક્ષા માર્ગદર્શિકા જાહેર કરવામાં આવી છે. જે મુજબ પ્રવેશ અને નિકાસ માટે અલગ ગેટ, સમગ્ર પરિસરમાં હાઈ-ડેફિનેશન ઝઝૂફ કેમેરા, ડોરફ્રેમ મેટલ ડિટેક્ટર, હેન્ડ હેલ્ડ મેટલ ડિટેક્ટર અને બ્રેથ એનાલાઈઝરની વ્યવસ્થા ફરજિયાત રહેશે.

'હરકામ દેશના નામ' સૈન્યમાં અગ્નિવીરભરતીરેલી



ગુરુવાર,

સૈન્ય ભરતી કચેરી, અમદાવાદ દ્વારા અગ્નિવીર (સામાન્ય ફરજો), અગ્નિવીર ટ્રેડ્સમેન (૧૦મું પાસ), અગ્નિવીર ટ્રેડ્સમેન (૮મું પાસ) અને અગ્ન વીર ટેકનિકલ હોદ્દાઓમાટે ૧૯ ફેબ્રુઆરી ૨૦૨૭ થી ૦૨ માર્ચ ૨૦૨૭ દરમિયાન શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, વિંઝોલ, ગોધરા ખાતે ૨૧ જિલ્લા (અમદાવાદ, અરવલ્લી, આણંદ, બનાસકાંઠા, ભરૂચ, છોટાઉદેપુર, દોહાદ, ગાંધીનગર, ખેડા, મહિસાગર, મહેસાણા, નવસારી, નર્મદા, પંચમહાલ, સાબરકાંઠા, સુરત, ડાંગ, તાપી, વડોદરા, વલસાડ અને વાવથરાદ) તથા ૦૨ કેન્દ્રશાસિત પ્રદેશો (દમણ, દાદરા અને નગરહવેલી)ના ઉમેદવારો માટેભરતી રેલીનું આયોજન કરવામાં આવ્યું છે.

ઉપરોક્ત ભરતી રેલી માટેના પ્રવેશપત્ર શોર્ટલિસ્ટ થયેલા તમામ ઉમેદવારોને૧૫ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ તેમના નોંધાવેલા ઈમેલ આઈડી પર મોકલી દેવામાં આવ્યા છે. ઉમેદવારોએ ભારતીય સૈન્યની વેબસાઈટ **www.joinindianarmy.nic.in** પર તેમના યુઝરનેમ અને પાસવર્ડ દ્વારા લૉગિન કરીને ભરતી માટેનું પ્રવેશપત્ર ડાઉનલોડ કરવાનું રહેશે. કોઈપણ પૂછપરછ માટે કૃપા કરીને ૦૭૯-૨૨૮૬૧૩૩૮ નંબર પર સૈન્ય ભરતી કચેરી, અમદાવાદનો સંપર્ક કરો.

ગાંધીનગર મનપા ચૂંટણીઃ ૧૧ વોર્ડની ૪૪ બેઠકો પર આજે મતદાન

ગાંધીનગર,

ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણી માટેની તમામ તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવી છે. આવતીકાલે શહેરના ૧૧ વોર્ડની ૪૪ બેઠકો માટે યોજાનારા મતદાનને પગલે વહીવટી તંત્ર સંપૂર્ણ રીતે સક્ષ્ા બન્યું છે. તમામ ૨૯૫ મતદાન મથકો પર ચૂંટણીલક્ષી પ્રક્રિયા આખરી તબક્કામાં પહોંચી ગઈ છે. જોકે, મતદાનના છેલ્લા કલાકો વચ્ચે નવરાત્રિમાં ગરબાના સમયગાળા અને સનાતન ધર્મના મુદ્દે સ્થાનિક રાજકારણમાં ભાજપ અને કોંગ્રેસ વચ્ચે તીખો વાકપ્રહાર જોવા મળી રહ્યો છે.

ગાંધીનગરના સેક્ટર-૧૫ સ્થિત સરકારી વાણિજ્ય કોલેજ ખાતે ડિસ્પેચિંગ સેન્ટર તૈયાર કરવામાં આવ્યું છે. અહીંથી ૩૯ વિશેષ બસો દ્વારા ૧૧ વોર્ડના મતદાન મથકો સુધી EVM, મતદાન કુટિર અને જરૂરી ચૂંટણી સાહિત્ય સાથે પોલિંગ સ્ટાફને રવાના કરવામાં આવશે. મતદાન પ્રક્રિયા મુક્ત, ન્યાયી અને શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થાય તે માટે આશરે ૧૫૭૦ કર્મચારીઓ ફરજ બજાવશે તેમજ ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે.

ટેકનિકલ ખામીઓને પહોંચી વળવા માટે ૧૦ ટકા ઈફસ મશીનો રિઝર્વ રાખવામાં આવ્યા છે અને કોઈ આકસ્મિક સ્થિતિ માટે ૧૫ ટકા તાલીમબદ્ધ સ્ટાફને સ્ટેન્ડબાય રખાયો છે.

ઉલ્લેખનીય છે કે વોર્ડ નંબર ૬ના ૧૭ મતદાન મથકો પર ઉમેદવારોની સંખ્યા વધુ હોવાના કારણે બે-બે બેલેટ યુનિટ ફાળવવામાં આવ્યા છે. તમામ EVMનું મોક પોલ, ટેસ્ટિંગ અને સીલિંગનું કામ પૂર્ણ થઈ ચૂક્યું છે.

ગાંધીનગર શહેર ભાજપ અધ્યક્ષ ડો. આશિષ દવેએ કોંગ્રેસ પર નિશાન સાધતા જણાવ્યું હતું કે દેશની જનતા સનાતન ધર્મમાં માને છે અને શક્તિની આરાધના કરવો સૌનો અધિકાર છે. ભૂતકાળમાં પણ નવરાત્રિમાં ગરબાનો સમય વધારવાનો પ્રસંગ આવ્યો ત્યારે કેટલાક તત્વોએ વિરોધ કર્યો હતો. ગાંધીનગર મનપાના પ્રચાર દરમિયાન પણ કેટલાક લોકોએ આ જ પ્રકારનો સૂર વ્યક્ત કર્યો હતો, જેને ગાંધીનગરની જનતા ક્યારેય માફ નહીં કરે.કોંગ્રેસના મહાનગરપાલિકા ચૂંટણી પ્રભારી જગત શુક્લાએ પલટવાર કરતા જણાવ્યું કે, નવરાત્રિમાં ગરબા ક્યાં સુધી ચાલુ રાખવા તેની સત્તા કોર્પોરેટરો પાસે હોતી નથી. સનાતન ધર્મમાં નવરાત્રિનું શું મહત્વ છે તે જનતા સારી રીતે જાણે છે,

તેથી ભાજપ લોકોને ગુમરાહ કરવાનું બંધ કરે. તેમણે ઉમેર્યું હતું કે માલધારી સમાજની સભામાં નાયબ મુખ્યમંત્રીએ દાવો કર્યો હતો કે જો કોંગ્રેસના ઉમેદવારો જીતશે તો રાત્રે ૧૨:૦૦ વાગ્યા પહેલા ગરબા બંધ કરાવી દેશે, જે માત્ર આરોપબાજી છે.

લાઘવિકા : ભૂખ્યાને ભોજન


સાંજનો સમય હતો . સાધુ દિક્ષામાં મળેલી રોટલી ખાવા ઓટલે બેઠાં . તેમને અચાનક ગઈકાલે વધેલા શાકની યાદ આવી. તે અંદર લેવા ગયાને ત્યાં એક કૂતરો રોટલી લઈને ભાગ્યો . સાધુ શાકનો વાડકો લઈ કૂતરા પાછળ ભાગ્યા . થોડીવારમાં નિરાશવદને પાછા ફર્યો .

આસપાસ ભેગા થયેલા લોકો ઉપહાસ કરતાં સાધુને કહેવા લાગ્યા ; " કાલે તો ત્યાગને ભૂખ્યાને ભોજનની વાતો કરતા હતા , તમે તમારી રોટલી કૂતરો લઈ ગયો હતો ,તો તેની પાછળ દોડ્યા ..? "

સાધુએ કહ્યું ; " હું રોટલી લેવા માટે નહીં પણ આ વાડકી શાક દેવા ગયો હતો .. મને વિચાર આવ્યો કે કૂતરો લુખ્ખી રોટલી શેની સાથે ખાશે .!

કહેવત

કસોટી સોનાની થાય તાંબા-પિત્તળની નહીંપ



એક મોટી સંસ્થાના આચાર્યશ્રી હતા. ગુરુજીએ જ એમને સર્વ સંમતિથી તેમનો ગુણ વૈભવ જોઈને પોતાની ગાદીએ ઉત્તરાધિકારી નીમ્યા હતા . ગુરુ ધામમાં ગયા. અમુક લોકોને પોતાનું મનગમતું ન થતાં તેમની વિરુદ્ધમાં પડ્યા. "સાધુને બદનામ કરવા હોય તો તેમના નૈષ્ઠિક બ્રહ્મચર્યવ્રત પર આક્ષેપ કરવો.. "એ ન્યાયે વિરોધીઓએ આક્ષેપ લગાવ્યો. એક પલનો વિલંબ કર્યા વિના આચાર્યશ્રીએ રાજીનામું આપી દીધું.. નવા આચાર્યની નિમણૂકની તૈયારી શરૂ થઈ.. ગામોગામ શિષ્યોને ખબર પડી.. શિષ્યો જાણતા હતા કે વિરોધીઓએ લગાવેલ આક્ષેપ ખોટો છે..

નવા આચાર્યની નિમણૂક થાય એ પહેલાં શિષ્યો મંદિરમાં ઉમટી પડ્યા.. આચાર્યશ્રી ખાધા પીધા વિના પંદર દિવસથી જે રુમમાં બંધ હતા તે રુમ બળજબરીથી ખોલાવી તેમને બહાર લાવ્યા. રાજીનામાનો પત્ર સળગાવી દઈ તેમને માન સન્માન સાથે હાર તોરા પહેરાવી ગાદીએ બિરાજમાન કર્યા. આજીવન સત્સંગની સેવા કરી ને પેલા આળ ચડાવનારા ક્યાય ખોવાઈ ગયાપમાટે જ કહ્યું છે ને કે "કસોટી સોનાની થાય તાંબા- પિત્તળની નહીંપ!"

નરેન .શાહ (તલ્લાહાસી ફલોરીડા યુ એસ એ)

હર કામ દેશના નામ'

સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતિની ઉજવણીના ઉપલક્ષ્યમાં NCC કેડેટ્સ દ્વારા રાષ્ટ્રીય એકતા દિવસ પરેડની તૈયારીનો પ્રારંભ



અમદાવાદ,

ગુજરાત સહિત ૨૨ રાજ્યોના નેશનલ કેડેટ કોર્પ (NCC)ના આશરે ૨૦૦ કેડેટ દ્વારા NCC નિદેશાલય, ગુજરાતના છત્ર હેઠળ અમદાવાદ ખાતે BSF, CISF, SSB અને અન્ય CAPF ટુકડીઓ સાથે કદમતાલ મિલાવીને કઠિન કવાયત શરૂ કરવામાં આવી છે. ૧૦ દિવસની સંકલિત તાલીમ પછી, અમદાવાદના કેડેટ્સ ૩૧ ઓક્ટોબર ૨૦૨૬ના રોજ ગુજરાતના કેવડિયા ખાતે રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણીમાં ભાગ લેશે. કેડેટ્સના ઉત્સાહપૂર્ણ જુસ્સા અને સમર્પણ સાથે, જીદ્રેંઝનું સમાપન એક સાંસ્કૃતિક મિશ્રણ રહેશે જેમાં વિવિધ રાજ્યોના કેડેટ્સ ભારતની સમૃદ્ધ સાંસ્કૃતિક વિવિધતા, પરંપરાઓ અને વારસાનો અનુભવ કરશે, સાથે સાથે મિત્રતા, પારસ્પરિક સમજણ અને રાષ્ટ્રીય એકતાની મજબૂત ભાવનાને પ્રોત્સાહન આપશે.

જેમની દૂરંદેશી અને અડગ નિશ્ચયે દેશના રાજકીય એકીકરણમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી એવા ભારતના લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતિની ઉજવણીના ઉપલક્ષ્યમાં કેવડિયા ખાતે પ્રતિષ્ઠિત સ્ટેચ્યુ ઓફ યુનિટીની પૃષ્ઠભૂમિમાં રાષ્ટ્રીય એકતા દિવસ ઉજવવામાં આવશે.

SNIC અને રાષ્ટ્રીય એકતા દિવસ દ્વારા, NCC ×રાષ્ટ્ર પ્રથમ×ની એક ભાવના દ્વારા યુવાનોના ઉછેરની તેમની પ્રતિબદ્ધતાની ફરી પુષ્ટિ કરે છે.

Published and Owned by Pradip Raval and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad – 380 009. and published from 2567,gozaria's pole.Halim's khadki,shahpur.Ahmedabad -380001 Editor -Pradip Raval

10-10-2026_40 Jan Fariyad_New_P-2